# રાજ્યમાં કોરોના ઘાતક બન્યો : ૩૪ના મોત

## ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૦૨૬ : સુરતમાં ૨૧નાં મોત અને કુલ સંક્રમિતનો આંકડો દસ હજારને પાર થયો : અમદાવાદમાં કોરોનાનાં ૧૯૯ કેસ

ગાંધીનગર, તા.૨૧ રાજ્યમાં આજે પ્રથમવાર કોરોના પોઝિટિવનો આંકડો હજારને પાર થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૬૯૩ કોરોનાનો ટેસ્ટ કરવામાં આવતા ૧૦૨૬ દર્દીઓ પોઝિટિવ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૫૦ હજારને પાર થઈ ૫૦૪૬૫ થયો છે. રાજ્યમાં આજે એક દિવસમાં કોરોનાને લીધે ૩૪ દર્દીઓના સૌથી વધુ મોત થવાનો વિક્રમ નોંધાતા હાહાકાર મચી ગયો છે. આ સાથે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૨૨૦૧ થયો છે. રાજ્યમાં આજે ૭૪૪ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. આ સાથે ડિસ્ચાર્જ થવાનો કુલ આંકડો ૩૬ હજારને પાર થઈ ૩૬૪૦૩ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૧૮૬૧ કોરોનાના એક્ટિવ કેસ છે જેમાં ૮૨ દર્દીઓ વેન્ટીલેટર પર અને ૧૧૭૭૯ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કહેરરૂપે કોરોના ત્રાટક્યો છે. રાજ્યમાં સતત દૈનિક કોરોના પોઝિટિવનો આંકડા વધતા જાય છે. સતત આઠ દિવસ કોરોનાના કેસ ૯૦૦ને પાર રહ્યા બાદ આજે એક હજારને પાર થયો છે. રાજ્યમાં આજે આઠ કોર્પોરેશન અને ૩૧ જિલ્લામાં કોરોના પગપસારો કર્યો છે. રાજ્યમાં કોરોના ગામડા સુધી પ્રસરી ગયો છે. આજે દાહોદમાં ૩૯ કેસ એક સામટા નોંધાતા આરોગ્ય વિભાગ સફાળુ જાગ્યુ છે. આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૩૪ મોત થયા છે.

જેમાં સુરત કોર્પોરેશનમાં ૧૪ અને જિલ્લામાં ૭, અમદાવાદ કોર્પોરેશનમાં ૫ અને જિલ્લામાં ૧, વડોદરા કોર્પોરેશનમાં ૨, ભાવનગર કોર્પોરેશન, ગીર સોમનાથ, જામનગર કોર્પોરેશન, કચ્છ અને પાટણમાં ૧-૧ મોત કોરોનાને લીધે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૮૭ અને જિલ્લામાં ૧૨ સાથે ૧૯૯ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૪૫૬૮ થયો છે. અમદાવાદમાં વધુ ૭ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૫૫૩ થયો છે. સુરત શહેરમાં ૨૨૫ અને ગ્રામ્યમાં ૭૩ સાથે ૨૯૮ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે સુરત શહેરમાં કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો દસ હજારને પાર થઈ ૧૦૦૦૮ થયો છે. આજે વધુ ૨૧ મોત નોંધાતા શહેરમાં મૃત્યુઆંક વધીને કુલ ૨૮૦ થયો છે. વડોદરા શહેરમાં આજે ૬૦ અને ગ્રામ્યમાં ૧૫ સાથે કુલ ૭૫ પોઝિટિવ કેસ નોંધાયા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૪૭૬૭ | ૧૫૫૮ | ૧૯૫૩૩ |
| સુરત | ૧૩૨૭૬ | ૨૯૬ | ૬૯૬૨ |
| વડોદરા | ૩૭૪૦ | ૫૯ | ૩૧૧૦ |
| રાજકોટ | ૧૦૯૬ | ૨૦ | ૪૨૦ |
| ભાવનગર | ૯૯૩ | ૧૯ | ૪૭૯ |
| ગાંધીનગર | ૧૧૩૨ | ૩૮ | ૮૨૯ |
| કચ્છ | ૩૫૩ | ૧૦ | ૨૧૩ |
| મહેસાણા | ૬૨૩ | ૧૪ | ૨૫૬ |
| ગીર-સોમનાથ | ૨૧૫ | ૦૫ | ૫૯ |
| પોરબંદર | ૩૪ | ૦૨ | ૨૬ |
| પંચમહાલ | ૩૩૫ | ૧૬ | ૨૨૪ |
| પાટણ | ૩૯૪ | ૨૧ | ૨૮૫ |
| છોટાઉદેપુર | ૧૦૦ | ૦૨ | ૬૯ |
| જામનગર | ૪૮૩ | ૧૧ | ૨૫૬ |
| મોરબી | ૧૫૨ | ૦૪ | ૧૦૦ |
| સાબરકાંઠા | ૩૨૮ | ૦૮ | ૨૦૬ |
| આણંદ | ૩૭૦ | ૧૩ | ૩૨૭ |
| દાહોદ | ૨૯૪ | ૦૪ | ૬૦ |
| ભરૂચ | ૬૨૭ | ૧૧ | ૩૮૫ |
| બનાસકાંઠા | ૪૮૫ | ૧૬ | ૩૬૮ |
| ખેડા | ૪૬૩ | ૧૪ | ૩૦૨ |
| બોટાદ | ૧૬૫ | ૦૩ | ૮૭ |
| નર્મદા | ૧૫૭ | ૦૦ | ૧૧૦ |
| અરવલ્લી | ૨૭૪ | ૨૪ | ૨૩૩ |
| મહીસાગર | ૨૨૯ | ૦૨ | ૧૪૩ |
| નવસારી | ૩૮૩ | ૦૬ | ૨૩૮ |
| તાપી | ૯૨ | ૦૦ | ૬૦ |
| વલસાડ | ૪૭૧ | ૦૫ | ૨૧૩ |
| જૂનાગઢ | ૫૮૪ | ૦૭ | ૪૦૬ |
| સુરેન્દ્રનગર | ૪૮૪ | ૦૮ | ૧૯૭ |
| દેવભૂમિ દ્વારકા | ૩૪ | ૦૩ | ૨૫ |
| ડાંગ | ૦૯ | ૦૦ | ૦૭ |
| અમરેલી | ૨૪૬ | ૦૯ | ૧૩૫ |
| કુલ | ૫૦૪૬૫ | ૨૨૦૧ | ૩૬૪૦૩ |

# સોમનાથ મંદિરમાં ભક્તોની ભીડ પર પોલીસનો લાઠીચાર્જ

## સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી રાખવા માટેની રકઝકમાં ભક્તો અને પોલીસકર્મીઓની વચ્ચે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા

ગીર સોમનાથ,તા.૨૧ ગુજરાતમાં આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. ત્યારે સોમનાથ મંદિરે સવારથી જ ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન ન થતા ભક્તો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ સોમનાથ દાદાના દર્શન માટે આવેલા ભક્તોમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન ન થતા પોલીસે તેમના પર લાઠીચાર્જ કર્યો હતો. સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી રાખવા માટેની રકઝકમાં ભક્તો અને પોલીસકર્મીઓ વચ્ચે ઘર્ષણના દ્રશ્યો પણ સર્જાયા હતા. મીડિયા રિપોર્ટ મુજબ કેટલાય લોકોએ માસ્ક ન પહેરતા અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું ભંગ થતાં પોલીસ અને દર્શનાર્થીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન પોલીસે છુટા હાથની મારામારી પણ કરી હતી. સોમનાથ મંદિરમાં દર્શન કરવા આવતા ભક્તો માટે યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે ભારે ભીડ જોવા મળી રહી છે. લોકો એક પછી એક આવી રીત ઉભેલા જોવા મળી રહ્યા છે. જાણે કોરોના છે જ નહીં. એવું પણ જાણવા મળ્યું છે કે, ઘર્ષણ દરમિયાન ભક્તોએ પોલીસને પણ તમાચો માર્યો હતો. કોરોનાને કારણે રાજ્યના મુખ્ય મંદિરો પર ગંભીર અસર જોવા મળી રહી છે. કોરોનાના સતત વધી રહેલા કેસને ધ્યાનમાં રાખીને ડાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા સોમવારથી જ મંદિર દર્શનાર્થીઓ માટે અનિશ્ચિત સમય માટે બંધ કરવામાં આવ્યું છે. તો બીજી તરફ નર્મદા નદીના કાંઠે સ્થિત વિશ્વના એક માત્ર કુબેર ભંડારી મંદિર પણ ભક્તો માટે બંધ કરી દેવામાં આવ્યું છે. ત્યારે સવાલ એ થાય છે કે, સોમનાથ મંદિર કેમ ખુલ્લું રાખવામાં આવ્યું છે. ગીર સોમનાથમાં પણ કોરોનાની કેસની સંખ્યા સતત વધી રહી છે. ત્યારે સોમનાથ મંદિરમાં આ પ્રકારની ભીડ જોવા મળતા કોરોના સંક્રમણનું જોખમ પણ વધી રહ્યું છે.



### ભક્તો દ્વારા અવ્યવસ્થા થશે તો સોમનાથ મંદિર બંધ કરવું પડશે

**સોમનાથ મંદિરના ટ્રસ્ટી પીકે લહેરીની ચીમકી : પ્રથમ દિવસે શ્રદ્ધાળુઓ-પોલીસ વચ્ચે ઘર્ષણ : સોમનાથ મંદિરમાં દર્શન માટે પાસ સિસ્ટમ લાગુ થાય તેવી શક્યતા**

આજે પવિત્ર શ્રાવણ મહિનાનો પહેલો દિવસ છે. ત્યારે પહેલા જ દિવસે ગુજરાતના જ્યોર્તિલિંગ સોમનાથ ખાતે બબાલ થઈ હતી. સોમનાથ મંદિર ખાતે વહેલી સવારે ભાવિકો અને પોલીસ વચ્ચે ઘર્ષણનો મામલો સર્જાયો હતો. ત્યારે આ ઘટનાના મોટા પડઘા પડ્યા છે. સોમથાન મંદિરના ટ્રસ્ટી પી.કે. લહેરીએ આ અંગે મોટું નિવેદન આપ્યું કે, ભક્તો અવ્યવસ્થા કરશે તો સોમનાથ મંદિર બંધ કરવુ પડશે. શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે જ પોલીસ-ભક્તો વચ્ચે મારામારીની ઘટના બાદ સોમનાથ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા મોટો નિર્ણય લેવાયો છે. સોમનાથ મંદિરમાં દર્શન માટે પાસ સિસ્ટમ લાગુ થાય તેવી સંભાવના છે. આ સાથે જ પી.કે. લહેરીએ કહ્યું કે, પાસ વ્યવસ્થા લાગુ કરવા અને ક્યારથી તેનો અમલ કરાશે તેની સાંજ સુધીમાં સત્તાવાર માહિતી જાહેર કરાશે. ભક્તો અવ્યવસ્થા કરશે તો મંદિર બંધ કરવું પડશે. પાસ સિસ્ટમ લાગુ કર્યા પછી પણ દર્શન માટે આવતા ભક્તો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન નહીં કરે તો દર્શનાર્થીઓ માટે મંદિર બંધ કરવું પડી શકે છે.

# અરવલ્લીના ૨૬ ઔદ્યોગિક એકમોમાં શ્રમ વિભાગની ટીમ દ્વારા તપાસ હાથ ધરાઈ

## કોરોના સંક્રમણથી બચવા આરોગ્ય વિભાગની ગાઇડલાઇન અનુસરવા ઔદ્યોગિક એકમોને સૂચન

મોડાસા, તા. ૨૧ અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં જોવા મળતા લોકડાઉન દરમિયાન ધંધા-રોજગાર સંપૂર્ણ બંધ કરવામાં આવ્યા હતા, પરંતુ અનલોક-૨ ના અમલ પછી અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરી વિસ્તાર મળી કુલ ૫૭૧ થી વધુ નાના-મોટા ઔધોગિક એકમો ધમધમતા થયા છે પરંતુ તેની સાથે તેમને કોરોના સંક્રમણને અટકાવવા એકમના સ્થળે સેનેટાઈઝેશન, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન તથા ફરજીયાત માસ્કનો ઉપયોગ થાય છે કે નહિ તેની શ્રમ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

કામદારોને કામના સ્થળે તેમના સ્વાસ્થ્યની દરકાર રખાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીના આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ સુચનાઓ અમલી બનાવી છે જેનો અમલ અરવલ્લીના ઔધાગિક એકમોમાં થાય છે કે નહિ તેની તપાસ ગાંધીનગરના શ્રમ વિભાગ દ્વારા હાથ ધરાઈ હતી, જેમાં શ્રમ વિભાગની બે ટીમો દ્વારા મોડાસાના જીઆઈડીસી તેમજ બાયડ, ધનસુરા અને ભિલોડાના મળી કુલ ૨૬ ઔધોગિક એકમોની સ્થળ મુલાકાત કરી હતી, જ્યાં કોરોનાના સંક્રમણથી બચવા ઔદ્યોગિક એકમોમાં કામ કરતાં કામદારો કામના સમયે માસ્ક અને હેન્ડ ગ્લવ્ઝ ઉપયોગ તથા કામના સ્થળે સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન થાય છે કે કેમ તેની રૂબરૂ તપાસણી કરવામાં આવી. વધુમાં કામના સ્થળે હાથ ધોવાની વ્યવસ્થા અને સ્થળનું સમયાંતરે સેનેટાઈઝેશન થાય છે કે કેમ તે અંગે માહિતી મેળવી અને કામદારોની આરોગ્ય વિષયક સેવાઓને સુનિશ્ચિત કરી હતી.



### યાત્રા રદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અમરનાથ શ્રાઈન બોર્ડની રચના કરવામાં આવી હતી, જેની અધ્યક્ષતા જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ અથવા લેફટનન્ટ ગવર્નર દ્વારા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે પણ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાને કારણે અમરનાથ યાત્રાને વચ્ચેથી અટકાવવી પડી હતી. યાત્રા બંધ થઈ ત્યાં સુધીમાં લગભગ ૩.૫૦ લાખ યાત્રાળુઓ બરફાની બાબાની દર્શન કર્યા હતા. દર વર્ષે દેશભરમાંથી તથા વિશ્વના વિવિધ દેશોમાંથી ભક્તો પવિત્ર અમરનાથ યાત્રા માટે આવે છે.

### ચાબહાર પ્રોજેક્ટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રિપોટ્ર્સ સામે આવ્યા હતા કે ઈરાને ભારતને ચાબહાર રેલ પરિયોજનાથી બહાર કરી દીધું છે. માનવામાં આવી રહ્યું હતું કે આવું ઈરાન-ચીનની વચ્ચે થઈ રહેલી ૪૦૦ અબજ ડૉલરની ડીલની અસર છે. ગત સપ્તાહે ઈરાનના ટ્રાન્સપોર્ટ અને શહેરી વિકાસ મંત્રી મોહમ્મદ ઈસ્લામીએ ૬૨૮ કિલોમીટર લાંબા રેલવે ટ્રેકને બનાવવાના કાર્યનું ઉદ્ઘાટન કર્યું હતું. આ રેલવે લાઈનને અફઘાનિસ્તાનથી જરાંજ સરહદ સુધી લંબાવવાની છે. અંગ્રેજી અખબારના રિપોર્ટમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે ઈરાને એવું કહેતા ભારતને આ ડીલથી બહાર કરી દીધું છે કે ભારત તેના માટે ફંડ પૂરું નથી પાડી રહ્યું.

ઈરાને તેનું ખંડન કરતાં કહ્યું છે કે ભારતને ચાબહાર રેલવે પ્રોજેક્ટથી બહાર કરવાનો સવાલ જ ઊભો થતો નથી, જોકે ભારતની ભૂમિકા આ ડીલમાં એ નથી જે આ રિપોર્ટમાં જણાવવામાં આવી હતી. ઈરાનના ટ્રાન્સપોર્ટ અને રેલવે વિભાગના ડેપ્યૂટી મિનિસ્ટર સઈદ રસૌલીએ આ અહેવાલોનું ખંડન કરતાં કહ્યું છે કે આ રિપોર્ટો પાછળ કોઈ કાવતરું છે. આ રેલ પ્રોજેક્ટ ચાબહાર પોર્ટથી જહેદાનની વચ્ચે બનાવવામાં આવશે.

# બનાસકાંઠામાં ૨૪ કલાકમાં પાંચના મોત

## જિલ્લામાં કોરોનાના વધુ ૨૭ પોઝિટિવ કેસ : પાલનપુર-૧, વડગામ-૨, ડીસા-૮, ભાભર-૪, વાવ-૧, કાંકરેજ-૨, ધાનેરા-૪, દાંતીવાડા-૧, સુઇગામ-૧, થરાદ-૧ બે ખાનગી લેબ

પાલનપુર બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ ભયંકર સ્થિતિએ પહોંચી ગયો છે. પોઝિટિવ કેસોની સાથે દર્દીઓના મોતની સંખ્યા પણ વધી રહી છે. જ્યાં મંગળવારે સાંજે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન પાલનપુર કોવિડ હોસ્પિટલમાં ૩ અને ડીસા કોવિડ હોસ્પિટલમાં ૨ મળી કુલ ૫ દર્દીઓના મોત નિપજ્યા હતા. જ્યારે વધુ ૨૭ કેસ પોઝિટિવ નોંધાયા હતા. પાલનપુર -૧, વડગામ - ૨, ડીસા - ૮, ભાભર- ૪, વાવ - ૧, કાંકરેજ - ૨, ધાનેરા - ૪, દાંતીવાડા - ૧, સુઈગામ - ૧, થરાદ - ૧ અને બે ખાનગી લેબમાં પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૫૭૧ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૨૫ થવા પામ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ હવે દર્દીઓને ભરખી રહ્યો હોઈ કકસંક્રમણ વધતાં દિન પ્રતિદિન કેસો વધી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે લોકોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. એક તરફ પોઝિટિવ દર્દીઓનો આંકડો વધી રહ્યો છે. તો બીજી તરફ દર્દીઓના મોત નિપજી રહ્યા છે. જ્યાં મંગળવારે સાંજે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન પાલનપુર કોવિડ હોસ્પિટલમાં ૩ અને ડીસા કોવિડ હોસ્પિટલમાં ૨ મળી કુલ ૫ દર્દીઓના મોત નિપજ્યા હતા. જ્યારે વધુ ૨૭ કેસ પોઝિટિવ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, પાલનપુર -૧, વડગામ - ૨, ડીસા - ૮, ભાભર- ૪, વાવ - ૧, કાંકરેજ - ૨, ધાનેરા - ૪, દાંતીવાડા - ૧, સુઈગામ - ૧, થરાદ - ૧ અને બે ખાનગી લેબમાં પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૫૭૧ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૨૫ થવા પામ્યો છે. જોકે, પ્રજાજનોને તો જાણે કોરોનાનો જરાપણ ડર ન હોય તેમ ૪ વાગ્યા સુધી બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. જ્યાં સુધી લોકો સ્વયં ઘરની બહાર નિકળવાનું બંધ કરશે. ત્યારે જ લોકલ સંક્રમણ ઘટવાની શક્યતાઓ છે.

### વધુ ૧૯ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મોટા-ચિલોડા ગામેથી આજે ત્રણ કેસ મળી આવ્યા છે. જેમાં બે મહિલા અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. મળતી વિગતો મુજબ મા-દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો અન્ય એક ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ લોકો કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્ર દ્વારા વિગતો મેળવવામાં આવી રહી છે. આ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યા છે. કુડાસણમાંથી પણ આજે વધુ એક ૪૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણમાંથી આજે ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અડાલજમાંથી ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુર ગામેથી એક ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત રાંધેજા ગામેથી પણ એક ૩૬ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકાના ચરાડા ગામેથી એક ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત લોદરામાંથી પણ ૪૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રિદ્રોલ ગામેથી પણ આજે એક કેસ મળ્યો છે. જેમાં ૩૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં આજે ૮ કેસ મળી આવ્યા છે. જેમાં ૩ ગ્રામ્ય વિસ્તારમાંથી અને પાંચ કેસ અર્બન એરિયામાંથી મળી આવ્યા છે. તંત્ર દ્વારા અર્બન એરિયામાં સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગ વધારવા સાથે હોમ ક્વોરોન્ટાઈન કરેલા લોકોનું મોનીટરીંગ સઘન બનાવવામાં આવ્યું છે. મળતી વિગતો પ્રમાણે છત્રાલમાંથી એક ૨૮ વર્ષીય યુવક, ઈસંડમાંથી ૨૧ વર્ષીય યુવક અને આનંદપુરા ગામેથી એક ૭૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્ય છે.

આ ઉપરાંત અર્બન-૧ ના વિસ્તારમાંથી ૭૫ વર્ષીય વૃદ્ધા અને ૩૧ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અર્બન-૨ ના વિસ્તારમાંથી એક ૫૭ વર્ષીય મહિલા, ૭૦ વર્ષીય વૃદ્ધ તેમજ ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી હાલ ૧૭૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૫૭૩ જેટલા દર્દીઓને અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસોમાં મહિલા, યુવાઓ અને વૃદ્ધોનો સમાવેશ થાય છે. તંત્રની ચિંતા મહિલા દર્દીઓની વધતી સંખ્યા બનીને ઉભરી રહી છે.

### ૧૨ કેસ નોંધાયા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. તેમના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સેક્ટર-૧૨ માં રહેતા અને સિવિલ હોસ્પિટલમાં તબીબ તરીકે સેવાઓ આપતી એક ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા તબીબે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૪ માંથી આજે વધુ એક ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણીના પરિવારના બે સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

સે. ૨૨ માં રહેતા એક ૪૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ તંત્રને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી લેખિતમાં બાંહેધરી આપતાં તંત્રએ તે મંજૂર રાખેલ છે. આ દર્દીના પરિવારની એક વ્યક્તીને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૧૨-બી માં રહેતા અને વેપાર-વાણિજ્ય સાથે સંકળાયેલ એક ૩૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમા ંદાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારમાં પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

પછાત વર્ગ વિકાસ નિગમમાં ક્લાર્કની નોકરી કરતા અને સે. ૨૭ માં રહેતા એક ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

જીઈબી કોલોની ખાતે રહેતા અને યુ.જી.વી.સી.એલ.માં જુનિ. ઈજનેર તરીકે નોકરી કરતા એક ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઈજનેર દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ મંજૂરી આપી છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

જી.ઈ.બી. કોલોનીમાં જે ઝડપે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ તેમજ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવા તંત્રએ સૂચનાઓ જારી કરી છે.

દહેગામમાં શિક્ષક તરીકે નોકરી કરતા અને સે. ૨૯ માં રહેતા એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ શિક્ષકના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

શહેરમાં આજે ૫૦૦ જેટલા લોકોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. શહેરના ૧૧૨ જેટલા દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

### કાર્યભાર સંભાળ્યો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જ્યારે આ વાત મીડિયામાં આવી ત્યારે સી.આર. પાટીલના સમર્થકોએ એકબીજાને સુરત ડિસ્ટન્સ રાખવાનું કહી રહ્યાં હતાં, પરંતુ તેમ છતાં પણ સોશિયલ ડિસ્ટન્સ ક્યાંય જોવા મળ્યું નહોતું. ઉલ્લેખનીય છે કે, ૨૩ વર્ષ પછી દક્ષિણ ગુજરાતમાંથી ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ મળ્યાં છે, ત્યારે આ કાર્યક્રમમાં દક્ષિણના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ કક્ષાના પ્રધાનોએ પણ હાજરી નોંધાવી હતી.

### ગ્રાન્ટ મળી હતી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લા શિક્ષણ સમિતિની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચાઓ થઈ હોવાનું શિક્ષણ સમિતિના સૂત્રોએ કહ્યુ છે. શિહોલી મોટી ગામે શાળાના બાળકોની હાલત કફોડી હોવાનું શિક્ષણ સમિતિની બેઠકમાં રજુઆત થઈ હતી પરંતુ ગ્રાન્ટના અભાવે કામ હાથ નહિ ધરાયાનું તંત્રએ જણાવ્યુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

### કામે લાગશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ તબક્કે વન સંરક્ષક ડી કે શર્માએ પણ જણાંવ્યુ હતુ કે પર્યાવરણ જાગૃતિ અન્વયે વનવિભાગની જવાબદારી વિશેષ છે. ત્યારે સરકાર દ્વારા દરવર્ષે વન મહોત્સવના અન્વયે ૧૦ કરોડથી વધુ વૃક્ષોનુ વાવેતર કરવામાં આવે છે. જયારે વૃક્ષો બચાવવા માટે સરકારે વર્ષ ૨૦૧૦ -૧૫ ના સમયગાળા દરમિયાન ટ્રાન્સપ્લાન્ટ કરીને ૨૧૩૭ વૃક્ષોને નવજીવન આપ્યુ છે. ટ્રી ટ્રાન્સપ્લાન્ટ યંત્રના લોકાર્પણ પ્રસંગે અધિક મુખ્ય વનસંરક્ષક અને સામાજિક વનીકરણ વિભાગના વડા રામકુમાર, નાયબ વનસંરક્ષક એસ એમ ડામોર, મદદનીશ વનસંરક્ષક નેવિલ ચૌધરી સહીતના વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.